# તૂટતાં સંબંધો પાછળનું કારણ... મૌન !

સંબંધોના તાણાવાણા
ગીતા શ્રોફ



સંબંધો તૂટે છે પણ તેનો અવાજ નથી આવતો. ઘણા સંબંધો ઊંચા અવાજે તૂટતા નથી. ત્યાં કોઈ ઝઘડો નથી, કોઈ મોટો વિવાદ નથી, કોઈ ‘છૂટાછેડા’ જેવી ઘોષણા નથી, છતાં સંબંધો ધીમે ધીમે સુકાઈ જાય છે - મૌન રહીને...

આ મૌનનું મૂળ કારણ મોટા ભાગે અહંકાર કરતાં પણ અવગણના છે. અહંકાર દેખાય છે- એ બોલે છે, ટકરાય છે, ઝઘડો કરાવે છે પરંતુ અવગણના શાંત હોય છે - એ સાંભળતી નથી, જોતી નથી, અનુભવતી નથી. ઘરમાં પતિ-પત્ની વચ્ચે, માતા-પિતા અને સંતાનો વચ્ચે, મિત્રોમાં કે સગાંમાં- જ્યારે કોઈ વ્યક્તિ કહે છે,

‘‘મને સમય નથી’’,

‘‘ આ વાત પછી કરીશું’’

‘‘ તું બહુ સંવેદનશીલ છે,’’ ત્યારે શબ્દો સામાન્ય લાગે છે પણ સામેની વ્યક્તિના મનમાં એક પ્રશ્ન ઊભો થાય છે ‘‘મારું મહત્ત્વ છે કે નહીં?’’ અવગણના એ ક્ષણથી શરૂ થાય છે જ્યારે કોઈ બોલે છે અને આપણે સાંભળતા નથી, કોઈ દુઃખ વ્યક્ત કરે છે અને આપણે ઉપહાસ કરીએ છીએ, કોઈને સાથ જોઈએ છે અને આપણે મોબાઈલ પસંદ કરીએ છીએ.

ભારતીય સંસ્કૃતિમાં સંબંધો ‘સાંભળવા’ પર આધારિત હતા. દાદા-દાદી પાસે બેસીને વાત કરવી-વાર્તા સાંભળવી, માતાની મૌન ચિંતા સમજી લેવી, આપણી આસપાસ બનતી આવી ઘટનાઓને જોઈને તેની અવગણના કરવાને બદલે તેનું આત્મમંથન કરીએ તો ઓછામાં ઓછું આપણે સ્વયંને અને પરિવારને તો આવી અવગણનાથી બચાવી જ શકીએ.

## કેસ 1:

સાહિલ અને શ્વેતાના લગ્નને સાત વર્ષ થઈ ગયેલાં. તેમને એક દીકરો પણ હતો. પતિ-પત્ની અને પુત્ર ત્રણ જ જણાં રહેતાં હતાં. હરવું-ફરવું, ખાવું-પીવું, મોજ-મસ્તી બધું જ હતું. છતાં સાહિલ દિવસે દિવસે શાંત-મૌન થવા લાગેલો. શ્વેતાએ ક્યારેક જાણવા માટે હળવા પ્રયત્ન કર્યા હતા પણ સાહિલ વધુ મૌનમાં જતો રહેતો. આમ ને આમ વર્ષો પસાર થવા લાગ્યાં. અચાનક સાહિલ એક દિવસ ઘરે પરત ન ફર્યો અને શ્વેતાને ફોન કરીને કહી દીધું કે હું કાયમ માટે તારા અને પુત્રથી દૂર જઈ રહ્યો છું. હવે શ્વેતા ગભરાઈ ગઈ. છેલ્લાં ઘણાં વર્ષથી તેણે સાહિલના મૌનની અવગણના કરેલી હતી. હવે અચાનક તેને તેના મૌન પાછળનાં કારણ સમજાવા લાગ્યાં. શ્વેતાએ પરણીને આવ્યા બાદથી જ કોઈ ને કોઈ કારણ ઊભા કરીને સાહિલનાં માતા-પિતાને તેના પરિવારથી દૂર કરી દીધાં હતાં. જેથી આજે તેનાં સાસુ-સસરા પાસે જતાં તેના પગ ભારે થઈ ગયા. તેણે રડતાં રડતાં પિયર જઈને મદદ માટે આક્રંદ કર્યું. શ્વેતાનાં માતા-પિતાએ પણ સાહિલનાં માતા-પિતાની ક્યારેય ગણના કરી નહોતી તેથી તેઓ પણ સાહિલનાં મા-બાપ પાસે ભારે પગે ગયાં. હાથ જોડીને દીકરી તરફથી ક્ષમા માંગી અને સાહિલને ઘરે પરત ફરવા સમજાવવાની વિનવણી કરવા લાગ્યા. સાહિલનાં માતા-પિતાને તો છેલ્લાં બે વર્ષથી સાહિલના ઘરની કશી જાણ ન હોવાથી તેઓએ પણ હાથ ખસેડી લીધા. પરંતુ સાહિલ જે મિત્રના ઘરે ગયો હતો ત્યાંથી તેનાં મા-બાપ તેને પોતાના ઘરે લઈ આવ્યાં. ધીમે ધીમે મા-બાપને જાણ થવા લાગી કે, તેમનો પુત્ર તેનાં માતા-પિતાની તેના જ ઘરમાં થતી અવગણનાને કારણે અંદરોઅંદર ખવાતો જતો હતો. તેનાથી શ્વેતાના કકળાટીયા સ્વભાવની સામે બોલાતું નહોતું અને સહેવાતું પણ નહોતું. રોજના ઘરમાં ઝઘડાના કારણે પુત્ર પર ખરાબ અસર થતી જોઈને, તેણે સ્વયંને મૌન કરી દીધો. શ્વેતાને તેનાથી બમણું જોર આવતું. હવે તો સાહિલ પણ ચૂપચાપ સાંભળતો રહેતો એટલે શ્વેતા બમણા જોરથી સાહિલનાં મા-બાપ વિશે કંઈ ને કંઈ બોલતી રહેતી. સાહિલે મા-બાપ સાથે સંબંધો રાખવા પૂરતા જ રાખ્યા અને શ્વેતાને તો ક્યારેય આગ્રહ ન કર્યો કે તે વહુ તરીકેની ફરજ બજાવે પરંતુ ધીમે ધીમે સાહિલ સ્વયંને દોષી ગણવા લાગ્યો. એક બાજુ શ્વેતાના કંકાસનો ડર અને બીજી બાજુ સ્વયં દોષિત માનવાના કારણે તે મૌન અવસ્થામાં જ ડીપ્રેશનથી ટ્રોમા તરફ ધકેલાઈ ગયો. એન્ઝાઈટીની દવાઓના કારણે તે સુસ્ત રહેવા લાગ્યો જેના કારણે તેને ધંધામાં મોટી ખોટ ગઈ અને અંતે તે ઘર છોડીને જતો રહ્યો. આજે લાંબા સમયથી કોર્ટમાં તેઓનો કેસ ચાલી રહ્યો છે. સાહિલ જેમતેમ ફરી સ્વસ્થ થઈ ધંધામાં મન લગાવી રહ્યો છે પરંતુ શ્વેતા પાસે ફરીથી જવાનો વિચાર આવતાં જ તે ફરીથી લાંબા સમય વેઠેલી પેલી મૌન પીડાના ભયથી કાંપી ઊઠે છે. હવે તે ફરી પાછો તેવી પરિસ્થિતિમાં જઈને સ્વયંને ખોવાવા દેવા નથી માંગતો. તે એવું માને છે કે સ્વભાવની દવા નથી હોતી અને શ્વેતાનો સ્વભાવ કોઈ બદલી શકે એમ નથી. હાલની પરિસ્થિતિમાં શ્વેતા ભલે બધી કબૂલાત કરે અને ખાતરી આપે પરંતુ તેનો સ્વભાવ બદલવો અશક્ય છે. ‘‘તું જ બહુ સંવેદનશીલ છે.’’ ‘‘તારાં મા-બાપને તો તારી કોઈ ચિંતા જ નથી’’, એવું કહેવાને બદલે જો સાહિલના મૌનને સાંભળવા અને સમજવા પ્રયત્ન કર્યો હોત તો આ કેસ કોર્ટ સુધી પહોંચ્યો જ ન હોત.



**અવગણના એ ક્ષણથી શરૂ થાય છે જ્યારે કોઈ બોલે છે અને આપણે સાંભળતા નથી, કોઈ દુઃખ વ્યક્ત કરે છે અને આપણે ઉપહાસ કરીએ છીએ, કોઈને સાથ જોઈએ છે અને આપણે મોબાઈલ પસંદ કરીએ છીએ**

## કેસ-2

કૃપા અને વીનેશના લગ્નને 20 વર્ષ થઈ ગયાં હતાં. તેઓની એક માત્ર દીકરી કેનેડા ભણવા ગઈ હતી. કૃપા અને વીનેશ વચ્ચે ઘણાં વર્ષોથી ફેસબુક, ઈન્સ્ટાગ્રામ અને યુટયુબે પગપેસારો કરી દીધો હતો. પછી તો ધીમે ધીમે કૃપા અને વીનેશે એકમેકની સામે જોઈને વાત કરવાનું પણ બંધ કરી દીધું હતું. મેસેજથી વાત થઈ જતી હતી અને રાત્રે પણ બંને જણ પોતાના મોબાઈલ પર વ્યસ્ત રહેતાં હતાં. એમાં કૃપાને સોશ્યલ મીડિયા થકી અનંત સાથે મિત્રતા થઈ અને પછી ડેટીંગ શરૂ થઈ ગઈ. વીનેશને તો આ વાતની ભનક સુધ્ધાં ન આવી. એક દિવસ કૃપા ઘર છોડીને અનંત સાથે ભાગી ગઈ ત્યારે વીનેશને પોલીસ સ્ટેશનમાં જાણ થઈ કે કૃપા બે વર્ષથી અનંતને મળવા જતી હતી. આજે વીનેશ પાસે પણ કોઈ બચાવ નથી. તે બચાવે તો પણ કેવી રીતે આ સંબંધને બચાવે?

કૃપા અને વીનેશના કેસમાં વાત મૌનથી આગળ વધીને, વિશ્વાસ, સુરક્ષા અને સ્વાભિમાન સુધી પહોંચી ગઈ. વીનેશને સમજાવ્યું કે તેણે સંબંધ બચાવવો છે કે સત્ય સ્વીકારી આગળ વધવું છે? એ પ્રશ્ન પહેલા સ્વયંને પૂછે.

હવે આક્ષેપ કરતાં કૃપા સાથેની સ્પષ્ટતા જરૂરી હતી કે તેણે ક્યા સંબંધને આગળ લઈ જવો છે. કારણ વિશ્વાસ તૂટતાં ક્ષણ લાગે અને બનતા સમય લાગે. જો સામેની વ્યક્તિ સંબંધ માટે લડવા તૈયાર નથી તો એકતરફી પ્રયત્ન લાંબા સમય ચાલતા નથી અને જો એક વ્યક્તિ મનથી દૂર જતી રહી હોય તો સ્વીકાર અને સ્વમૂલ્યની રક્ષા કરવી જરૂરી છે. જો ઈચ્છા બંને તરફ હોય તો જ મૌન તૂટે છે.

Instagram@gita.shroff